...ત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૩–૧૨–૦૮ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૧–૧૨–૦૮ ના પત્ર નં.સીમીસ/૮/૩૧ થી વિદિત થઈ તેમજ સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૩(વડોદ)માં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવા અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૩(વડોદ)ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) મોજે વડોદના નવા રે.સ.નં.૧૦૫/૧ માં ઉકત પ્લોટની પશ્ચિમ બાજુ નિયત કરવામાં આવેલ રીઝર્વેશન આર–૬ (ઓપનસ્પેસ)ને તેટલાજ ક્ષેત્રફળ વાળો રીઝર્વ પ્લોટ સ્થાન ફેરફાર કરી ઉકત જમીનમાં દક્ષિણ હદે નિયત કરવો અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૨) મોજે વડોદના નવા રે.સ.નં.૧૩૩/૧ અને ફાયનલ પ્લોટ નં.૯૦–એ વાળી જમીનની પૂર્વ તરફની હદ વાંકીચૂકી હોઈ પૂર્વ તરફની હદને સીધી નિયત કરવી અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

<u>ઠરાવ નં.૫૫/૨૦૦૮ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૩૦–૧૨–૦૮.

//ભરૂચા//

ઈન્વર્ડ નં. ૧૧૮
તારીખ ૩૧.૧૨.૦૮